ગાંધીનગર સમાચાર

ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રાને સમેટી મોદી સ્વદેશ રવાના

સિયોલ,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રાને સમેટી લીધી હતી અને સ્વદેશ પરત ફરવાના રવાના થયા હતા.ચીન અને મોંગોલિયાની સફળ અને ઐતિહાસિક યાત્રા પૂર્ણ કર્યા બાદ પ્રવાસના અંતિમ તબક્કામાં મોદી ગઇકાલે દક્ષિણ કોરિયા પહોંચ્યા હતા. આજે મોદીએ દક્ષિણ કોરિયાની યાત્રીને સમેટી લીધી હતી અને દિલ્હી માટે રવાના થતાં પહેલા દક્ષિણ કોરિયાનો પણ આભાર માન્યો હતો. મોદીએ ટ્વિટર ઉપર કહ્યું હતું કે, તેઓ એવા વિશ્વાસ સાથે રવાના થઇ રહ્યા છે કે, સંબંધો વધુ મજબૂત બનશે અને અમારા સંબંધોથી અમારા દેશના લોકોને ફાયદો થશે. કોરિયાની તેમની યાત્રાને મોદીએ ખુબ જ સંતોષજનક ગણાવી હતી. મોદીએ કોરિયન લોકો અને સરકારનો આભાર માન્યો હતો. મોદીએ આજે હુન્ડાઈ હેવી ઈન્ડસ્ટ્રી શીપયાર્ડમાં ભારતીય સમુદાયના લોકો સાથે વાત કરી હતી. સાથે સાથે ભાગીદારીની માંગ કરી હતી. મોદીએ હુન્ડાઈ હેવી ઈન્ડસ્ટ્રીના ચેરમેન ચોઇ કિલશિયોનને કહ્યું હતું કે, શીપબિલ્ડિંગ અમારી પ્રાથમિકતા છે. મોદીએ આજે જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. દક્ષિણ કોરિયામાં પણ મોટી સંખ્યામાં લોકો મોદીના સ્વાગત માટે પહોંચ્યા હતા. મોદીએ આજે જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લઇને તમામને રોમાંચિત કરી દીધા હતા. મોદીએ ભારતીય સમુદાયના લોકો સાથે વાતચીત કરી હતી જ્યાં મોદી મોદીના નારા ગુંજી ઉઠ્યા હતા. મોદી ચાવીરુપ અર્બન રિન્યુએબલ પ્રોજેક્ટમાં પણ અભ્યાસ કરવા માટે પહોંચ્યા હતા. અત્રેઉલ્લેખનીય છે કે ચીન અને મોંગોલિયાની ઐતિહાસિક અને સફળ યાત્રાને પૂર્ણ કરીને ગઇકાલે સવારે દક્ષિણ કોરિયાના પાટનગર શિયોલ પહોંચી ગયા હતા. શિયોલમાં પહોંચ્યા બાદ તેમનુ શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતુ. સહકાર કરવા એક્શન પ્લાન બનાવવા ઉપર પણ સહમતિ થઇ હતી. ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે ગઇકાલે સાત

દ્વિપક્ષીય સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ખાસ વ્યૂહાત્મક ભાગીદારીની નવી ઉંચાઈ ઉપર લઇ જવા માટે આ સમજૂતિ કરવામાં આવી હતી. આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દક્ષિણ કોરિયાના પ્રમુખ પાર્ક ગુએન હાઈની સાથે રાષ્ટ્રપતિ ભવન ચેઓંગ વાઈ દેઈમાં જુદા જુદા વિષયો ઉપર શિખર મંત્રણા કરી હતી. આ વાતચીત દરમિયાન દ્વિપક્ષી સંબંધોને વધુ મજબૂત કરવા, વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવાના મુદ્દા છવાયેલા રહ્યા હતા. બંને દેશો વચ્ચે જે સાત સમજૂતિ થઇ હતી તેમાં બેવડા કરવેરાને નાબૂદ કરવા માટે અને આવક પર ટેક્સના સંદર્ભમાં સમજુતીનો સમાવેશ થાય છે. શિયોલ પહોંચતા પહેલા મોદીએ દેશમાં શાનદાર સ્વાગત કરવા અને તેમને સન્માન આપવા બદલ મોંગોલિયાની સરકાર અને લોકોનો આભાર માન્યો હતો.નરેન્દ્ર મોદી ત્રણ દેશોના તેમના ઐતિહાસિક પ્રવાસના બીજા તબક્કામાં મોંગોલિયા પહોંચ્યા હતા. મોદી મોંગોલિયા પહોંચ્યા બાદ મોદીએ મોંગોલિયાની સંસદને ઐતિહાસિક સંબોધન કર્યું હતું જેમાં મોદીએ બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઉંચાઇ ઉપર લઇ જવાની વાત કરી હતી. આઅગાઉ તેમના નેતૃત્વમાં ભારત અને મોંગોલિયા વચ્ચે ૧૪ સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મોદી મોંગોલિયાની યાત્રા કરનાર પ્રથમ વડાપ્રધાન બનવાની સિદ્ધિ પણ મેળવી ગયા હતા. મોંગોલિયાના પ્રવાસે પહોંચતા પહેલા મોદી ત્રણ દિવસ ચીનમાં રહ્યા હતા. જ્યા તેઓએ ચીની પ્રમુખ અને વડાપ્રધાન સાથે સફળ બેઠકો યોજી હતી. ચીનના ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપી પ્રવાસે પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. ચીન યાત્રાના ત્રીજા દિવસે મોદી શંઘાઇમાં છવાયેલા રહ્યા હતા. શંઘાઇમાં ૨૨ અબજ ડોલરની કિંમતના ભારત અને ચીન વચ્ચે ૨૧ બિઝનેસ કરાર પર હસ્તાક્ષર થયા હતા. મોદીએ ચીનના ટોપના સીઈઓ સાથે બેઠક કરી હતી. મોદીએ ખૂબ જ સાનુકુળ માહોલમાં ચીની વડાપ્રધાન લી કિંવગ સાથે શિખર મંત્રણા કરી હતી. શિખર મંત્રણા દરમિયાન કુલ ૨૪ સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

સંયુક્ત એશિયા વિશ્વને એક નવો ચહેરો આપશે : મોદી

સિયોલ,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે એશિયન દેશો વચ્ચે એકતાની તરફેણ કરતા કહ્યું હતું કે, વિશ્વને નવું સ્વરુપ આપવા માટે સાથે મળીને કામ કરવાની જરૂર ઉભી થઇ છે. સંયુક્ત રાષ્ટ્ર સહિત શાસનની વૈશ્વિક સંસ્થાઓમાં સુધાર માટે એશિયન હોવાના સ્વરુપે કામ કરવાની જરૂર છે. મોદીએ દક્ષિણ કોરિયાના પાટનગર સિયોલમાં આયોજિત એશિયા નેતૃત્વ સંમેલનમાં કહ્યું હતું કે, એશિયાને એક બનીને ઉભરવું છે તો ક્ષેત્રીય લોકોને વિચારધારા બદલવી પડશે. સંગઠિત વિચારધારાની જરૂર પડશે. સ્પર્ધાના કારણે અને ખેંચતાણથી એશિયા મહાદ્વિપ પાછળ રહી ગયું છે તેવી વાત કરતા મોદીએ કહ્યું હતું કે, એશિયન દેશો સાથે સંબંધો વધુ મજબૂત કરવાની જરૂર ઉભી થઇ છે. સંયુક્ત એશિયા વિશ્વને નવું સ્વરુપ આપી શકે છે. ભારત સંયુક્ત સમૃદ્ધિ વાળા એક એવા એશિયાની ઇચ્છા રાખે છે જ્યાં એક રાષ્ટ્રની સફળતા બીજાની તાકાત બની શકે. એશિયાના સૂર્યોદયની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, અમને સંયુક્ત રાષ્ટ્ર અને તેની સુરક્ષા પરિષદ સહિત વૈશ્વિ સંસ્થાઓના વહીવટી તંત્રમાં સુધાર કરવા માટે એશિયાઈ તરીકે કામ કરવાની જરૂર છે. ભારતનો વિકાસ એશિયાની સફળતાની આધારશીલા તૈયાર કરશે. મોદીએ કહ્યું હતું કે, એશિયા અંગે તેઓ એક અલગ સ્વપ્ન નિહાળે છે. ભારતના ભવિષ્ય માટે તેઓ જે સ્વપ્ન જુએ છે તે સ્વપ્ન પડોશીઓના ભવિષ્ય માટે પણ ઇચ્છે છે. લોકશાહીના સ્તંભ તરીકે દક્ષિણ કોરિયાની પ્રશંસા કરતા મોદીએ કહ્યું હતું કે, એશિયાની ગતિ ખુબ ઝડપથી વધી રહી છે. એશિયન નેતાઓના સંમેલનમાં મોદી કહ્યું હતું કે, વિશ્વ એક સ્વરમાં કહે છે કે, ભારત અમારા ક્ષેત્ર અને દુનિયામાં આશાના નવા કિરણ તરીકે છે. માનવતાના છઠ્ઠો હિસ્સો દુનિયાને એક નવી તક આપશે.

ડોન દાઉદના બેન્ક ફ્રીઝ કરવા પાકિસ્તાનને ભારતની અપીલ

નવીદિલ્હી, તા. ૧૯

કેન્દ્ર સરકારે અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમ ક્યા છે તે સંદર્ભમાં પાકિસ્તાન પાસેથી પુરતી માહિતી માંગી છે. સાથે સાથે તેના તમામ બેંક ખાતાઓ ફ્રીઝ કરી દેવા માટે પણ ભલામણ કરી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ગૃહમંત્રાલયના સૂત્રોએ કહ્યું છે કે, પાકિસ્તાનમાં ઓછામાં ઓછા એવા દસ એકાઉન્ટ છે.જે દાઉદ સાથે સંકળાયેલા હોવાના અહેવાલ મળ્યા છે. જેથી આ બેંક ખાતા ફ્રીજ કરવા માટે પાકિસ્તાનને અપીલ કરવામાં આવી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે પાકિસ્તાન પર દાઉદ મામલે જોરદાર દબાણ સરકાર દ્વારા વધારી દેવામાં આવ્યું છે. ઇન્ટેલિજન્સ સંસ્થાઓ દ્વારા બેંક ખાતાઓની ઓળખ કરી લેવામાં આવી છે. હવાલા લેવડજેવડના મામલે તપાસ કરવામાં આવ્યા બાદ આ માહિતી એકત્રિત કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રાલય હેઠળ કામ કરનાર કોમ્બેટિંગ ઓફ ફન્ડિંગ ઓફ ટેરિરિસ્ટ સેલ દ્વારા શંકાસ્પદ બેંક ખાતાઓની ઓળક કરી લેવામાં આવી હતી જેથી આ બેંક ખાતાઓને ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. બીજી બાજુ મોદી સરકારે જમાત-ઉદ-દાવાના લીડર અને લશ્કરે તોઇબાના સ્થાપક હાફીઝ મોહમ્મદ સઇદ અને મુંબઈના આતંકવાદી હુમલામાં માસ્ટર માઇન્ડ ઝાકી ઉર રહેમાન અંગે પાકિસ્તાન પાસેથી વધુ માહિતી માંગી છે. મોદી સરકારે પાકિસ્તાન ઉપર હવે દાઉદ અને અન્ય આતંકવાદીઓના મામલે જોરદાર દબાણ વધારી દીધું છે. પાકિસ્તાનને હવે આંતરરાષ્ટ્રીય સ્તર સમક્ષ જવાબો આપવા પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોદીએ આંતરરાષ્ટ્રીય સ્તર પર આતંકવાદના મુદ્દાને જોરદારરીતે ઉઠાવ્યો છે.

અગાઉ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ પણ કહી ચુક્યા છે કે, વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટમાં માસ્ટર માઇન્ડ દાઉદ ઇબ્રાહિમ હાલમાં પાકિસ્તાનમાં છે અને ભારત તેને દેશમાં પરત લાવવા માટે કટિબદ્ધ છે. દાઉદના સંદર્ભમાં સરકાર ખુબ જ ગંભીર બનેલી છે. આવનાર દિવસોમાં આના માટે વધુ દબાણ લાવવામાં આવશે.

કેજરીવાલ હેઠળ અધિકારીઓ કામ કરવા તૈયાર નથી : રિપોર્ટ

નવીદિલ્હી,તા. ૧૯

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હેઠળ ઘણા બધા દિલ્હી સરકારના અધિકારીઓ અથવા તો બ્યુરોક્રેટ કામ કરવા માટે ઇચ્છુક નથી. અરવિંદ કેજરીવાલ ઉપર આ લોકોએ આક્ષેપ કરતા કહ્યું છે કે કેજરીવાલ પોતાની રીતે કામ કરવા ઇચ્છુક છે. તે ખુબ જ સ્વાર્થી પ્રવૃત્તિમાં કામ કરે છે. અધિકારીઓને દહેશત છે કે, જો દિલ્હીના મુખ્યમંત્રી સામે વિરોધ નોંધાવવામાં આવશે તો તેમને હેરાન કરવામાં આવશે. આમ આદમી પાર્ટીના સ્થાપક કેજરીવાલ એક પછી એક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હવે મુશ્કેલીમાં પણ મુકાઈ ગયા છે. પહેલા આમ આદમી પાર્ટીમાં આંતરિક ખેંચતાણ અને હવે લેફ્ટી ગવર્નર નજીબજંગ સાથે ખેંચતાણ અને દિલ્હીના સરકારી અધિકારીઓ સાથે વિખવાદના કારણે કેજરીવાલ મુશ્કેલી અનુભવી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કેજરીવાલ હેઠળ કામ કરવા અધિકારીઓ ઇચ્છુક નથી. આ અધિકારીઓ દિલ્હીમાંથી અન્યત્ર ટ્રાન્સફર લેવા માટે ઇચ્છુક છે. દિલ્હી સરકાર હાલમાં બ્યુરોક્રેટના પોસ્ટિંગ અને ટ્રાન્સફરને

લઇને લેફ્ટી ગવર્નર નજીબજંગ સાથે સ્પર્ધામાં છે. નજીબજંગ અને કેજરીવાલ વચ્ચે ખેંચતાણનો મુદ્દો નવો રહ્યો નથી. હાલમાં જ કાર્યકારી ચીફ સેક્રેટરી તરીકે શકુંતલા ગામલિનની નિમણૂંકને લઇને પણ ખેંચતાણ શરૂ થઇ છે. આ ઉપરાંત મજુમદારની નિમણૂંકને લઇને પણ વિખવાદ રહ્યો છે. ગામલિનની નિમણૂંકથી કેજરીવાલ સરકાર ખુશ ન હતી જેથી આ લોકોએ જાહેરમાં પ્રશ્નો ઉઠાવ્યા હતા.

આવનાર દિવસોમાં પણ કેજરીવાલ અને નજીબજંગ વચ્ચે ખેંચતાણના ભણકારા વાગી રહ્યા છે. એવા અહેવાલ પણ મળ્યા છે કે, કેન્દ્રીય ગૃહમંત્રાલયને દિલ્હી સરકારના ઘણા અધિકારીઓએ એવી રજૂઆત કરી છે કે, તેઓ કેજરીવાલના નેતૃત્વ હેઠળ કામ કરવા ઇચ્છુક નથી. દિલ્હીમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ બે તૃતિયાંશ બહુમતિ મેળવીને શાનદાર જીત મેળવી હતી અને નવો ઇતિહાસ રચ્યો હતો પરંતુ ત્યારબાદથી એક પછી એક વિવાદોથી કેજરીવાલ ભારે જટિલ સ્થિતિમાં મુકાઈ ગયા છે. ચારેબાજુ તેમનો વિરોધ થઇ રહ્યો છે. ખેડૂતની આત્મહત્યાના મુદ્દે પણ કેજરીવાલની જોરદાર ઝાટકણી રાજકીય પક્ષોએ કાઢી હતી. કેજરીવાલની પાર્ટીના સભ્યોએ પણ વિરોધાભાષી નિવેદનો કર્યા હતા.

મોદી સોશિયલ મિડિયાના સુપર સ્ટાર બનવાની તરફ

નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે સોશિયલ મિડિયાના સુપરસ્ટાર બનવા તરફ વધી રહ્યા છે. ટ્વીટર, ફેસબુક અને સેલ્ફીના દમ પર મોદી સોશિયલ મિડિયાના સુપરસ્ટાર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છે. આ બાબતનો ધડાકો અમેરિકી અભ્યાસમાં કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે મોદી પોતાની ઇમેજ નવા આધુનિક ભારતના માહિર નેતા તરીકે ઉભી કરી રહ્યા છે. આ અભ્યાસનુ નામ બનલિટીડ ટર્ન્ડ વાયરલ નરેન્દ્ર મોદી એન્ડ ધ પોલિટકલ ટ્વીટ રાખવામાં આવ્યું છે. યુનિવર્સિટી ઓફ મિશિગનના સ્કોલર જોયોજીત પાલનુ કહેવુ છે કે સોશિયલ મિડિયા પર ફોલોઅર્સના મામલે આંતરરાષ્ટ્રીય નેતા તરીકે એકમાત્ર અમેરિકી પ્રમુખ બરાક ઓબામા જ તેમનાથી આગળ રહ્યા છે. તેઓએ પોતાની એક અલગ પોલિટિકલ ઇમેજ બનાવી છે. સંઘ પરિવારની સાથે જોડાયેલા હોવાના કારણે પણ તેની લોકપ્રિયતા રહી છે.

૨૦ વર્ષમાં પ્રથમ વખત જ મોબાઈલ વેચાણમાં ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૯

છેલ્લા ૨૦ વર્ષના ગાળામાં પ્રથમ વખત ભારતીય મોબાઈલ ફોનના વેચાણમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જે વિશ્વના સૌથી ઝડપથી ઉભરી રહેલા સ્માર્ટફોનના માર્કેટ માટે મંદીના સંકેત આપે છે. એક કન્સલ્ટન્સી

કંપની સાઇબર મિડિયા દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં અથવા તો જાન્યુઆરીથી માર્ચ વચ્ચેના ગાળામાં મોબાઈલ વેચાણમાં ૧૪.૫ ટકાનો ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ત્રિમાસિક આધાર પર ઘટાડો અનેક પ્રશ્ન કરે છે. વર્ષ ૨૦૧૪માં ૬૨ મિલિયન હેન્ડસેટની સરખામણીમાં વર્ષ ૨૦૧૫ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન હેન્ડસેટ વેચાણનો આંકડો ૫૩ મિલિયનનો રહ્યો છે. જ્યારે ત્રિમાસિક આધાર પર સ્માર્ટફોન વેચાણમાં પણ ઘટાડો થયો છે. આ ઘટાડો ૭.૧૪ ટકાની આસપાસનો રહ્યો છે. સસ્તા ફિચર ફોનનો દેખાવ વેચાણના મામલે વધારે ખરાબ રહ્યો છે. આજ ગાળા દરમિયાન આવા ફોનના વેચાણમાં ૧૮.૩ ટકા સુધીનો ઘટાડો થયો ચે. વર્ષ ૨૦૧૪માં એશિયા પેસિફિકમાં સૌથી ઝડપી સ્માર્ટ ફોન માર્કેટ તરીકે ઉભરી આવવામાં ભારતે સફળતા મેળવી હતી. એશિયા પેસિફિકમાં ભારતીય માર્કેટની બોલબાલા રહી હતી. એમ પણ માનવામાં આવે છે કે બારત વૈશ્વિક સ્તર પર બીજા સૌથી મોટા સ્માર્ટ ફોન માર્કેટ તરીકે અમેરિકાને પછડાટ આપી દેશે તેવી અટકળો પણ ચાલી રહી છે. ભારત વર્ષ ૨૦૧૬ સુધી ૨૦૪ મિલિયન સ્માર્ટફોન યુઝરો ધરાવનાર દેશ તરીકે બની જશે. વર્ષ ૨૦૧૪માં મોટા પાયે નવી બ્રાન્ડના કેટલાક મોબાઈલ આવ્યા હતા. મોબાઈલ બનાવતી કંપનીઓ અને સુવિધા આપનાર કંપનીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા રહેવાના કારણે સામાન્ય લોકોને વધારે રાહત મળી શકે છે.ચીનમાં પણ મોબાઈલ યુઝરો વધારે છે.

મનોજ એન્કાઉન્ટર : સામેલ પોલીસ જવાનોની બદલીઓ

નવીદિલ્હી,તા. ૧૯

મધ્ય દિલ્હીમાં એક રેસ્ટોરન્ટમાં ગયા શનિવારના દિવસે અથડામણને લઇને મામલો ગરમ બની ગયો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ અથડામણમાં સામેલ પોલીસ જવાનોની બદલી કરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે, દિલ્હી પોલીસે અથડામણમાં મનોજ વશિષ્ઠને ઠાર મારી દીધો હતો. ત્યારબાદ મૃતક મનોજના પરિવારના સભ્યોએ પોલીસ ઉપર હત્યાનો આક્ષેપ મુક્યો હતો અને તેમાં ન્યાયિક તપાસની માંગ પણ કરી હતી. દિલ્હી પોલીસ તરફથી આજે માહિતી આપતા કહ્યું હતું કે, અથડામણમાં સામેલ તમામ પોલીસ અધિકારીઓની વહેલીતકે બદલી કરવામાં આવશે. કેટલાક લોકોનું કહેવુ છે કે, બદલીઓના આદેશ પમ તૈયાર થઇ ગયા છે. દિલ્હી પોલીસના પ્રવક્તાએ આને સમર્થન આપ્યું છે. મનોજ વશિષ્ઠના એન્કાઉન્ટર કેસમાં દિલ્હી પોલીસ મુશ્કેલીનો સામનો કરી રહી છે. પરિવારના સભ્યો અને લોકો તરફથી પણ વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.

યુપીએ સરકારે દેશને કૌભાંડોમાં ધકેલી દીધું હતું : શાહનો આક્ષેપ

થિરુવંનતપુરમ,તા. ૧૯

કોંગ્રેસ પાર્ટીની જોરદાર ઝાટકણી કાઢતા ભાજપ પ્રમુખ અમિત શાહે આજે અગાઉની યુપીએ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. દેશને કૌભાંડોમાં ધકેલી દેવાનો યુપીએ ઉપર આક્ષેપ કર્યો હતો. અમિત શાહે કહ્યું હતું કે, મોદી સરકાર એક વર્ષના શાસન દરમિયાન વિશાળ પ્રમાણમાં રેવન્યુ આવક ઉભી કરવામાં સફળ રહ્યું છે. અમિત શાહે માહિતી આપતા કહ્યું હતું કે, યુપીએ સરકારે ૭૬ કૌભાંડમાં દેશમાં ૧૦ લાખ કરોડનું નુકસાન પહોંચાડ્યું હતું. જ્યારે વર્તમાન એનડીએ સરકારે ૨૩૦ ખાણ પૈકી ૨૦ની હરાજી કરીને બે લાખ કરોડ રૂપિયા ઉભા કરી લીધા છે. સ્પેસ્ટ્રમ હરાજી મારફતે એક લાખ કરોડ રૂપિયા ઉભા કરી લેવામાં આવ્યા છે.

સીપીઆઈએમના નેતૃત્વમાં વિપક્ષ દ્વારા આંદોલન અને ગવર્નન્સમાં ભ્રષ્ટાચાર બદલ યુડીએફ સરકાર ઉપર પ્રહાર કરતા અમિત શાહે આકરા આક્ષેપો કર્યા હતા. થિરુવનંતપુરમમાં ભારે વરસાદ વચ્ચે આ બેઠક યોજાઈ હતી. અમિત શાહે કહ્યું હતુ ંકે, વડાપ્રધાનની વારંવારની વિદેશ યાત્રાને લઇને કોંગ્રેસ પ્રશ્નો ઉઠાવે છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, તેમના વિદેશ પ્રવાસ દરમિયાન મોદીને જે સન્માન મળી રહ્યું છે તે કોઇ ભાજપ સરકાર અથવા તો કોઇ વ્યક્તિને મળી રહ્યું નથી. બલ્કે દેશના લોકોને મળી રહ્યું છે. ૧૨૫ કરોડ લોકોને આ સન્માન મળી રહ્યું છે. અમિત શાહે કહ્યું હતું કે, ભારતે જુદા જુદા દેશો સાથે છેલ્લા એક વર્ષના ગાળા દરમિયાન સંબંધો વધુ મજબૂત કર્યા છે. અગાઉ કેટલાક વડાપ્રધાન વિદેશ જતા હતા ત્યારે તેની ચર્ચા પણ થતી ન હતી પરંતુ હવે નરેન્દ્ર મોદી જ્યારે પણ અમેરિકા, જર્મની, ભૂટાન અથવા અન્યત્ર જાય છે ત્યારે હજારો લોકો તેમના સ્વાગત માટે પહોંચે છે. ભાજપ સરકાર ખેડૂત અને ગરીબ વિરોધી હોવાના કોંગ્રેસના આક્ષેપને ફગાવતા અમિત શાહે કહ્યું હતું કે, મોદી સરકાર એવી સરકાર છે જે ગરીબ અને વંચિત લોકો માટે કામ કરી રહી છે. મોદી સરકારે ૧૨૫ કરોડ લોકો પૈકી સૌથી ગરીબ લોકો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. છેલ્લા ૬૮ વર્ષમાં કોંગ્રેસ દ્વારા જે લોકોની અવગણના કરી દેવાઈ હતી તે લોકો ઉપર મોદી સરકારે ધ્યાન આપ્યું છે. શાહે કહ્યું હતું કે, બેંક ખાતાઓ ખોલીને, નવી વિમા પોલિસી શરૂ કરીને, જુદી જુદી કલ્યાણ યોજનાઓ હેઠળ આવરી લઇને મોદી સરકારે ગરીબ લોકોને પણ વિકાસમાં સામેલ કર્યા છે. શાહે એમ કહ્યું હતું કે, બેરોજગારી સામે મોદી સરકારે જંગ છેડી દીધી છે. મેક ઇન ઇન્ડિયા પહેલ કરી છે. સાથે સાથે બેરોજગાર યુવાનોને રોજગારી મળે તે માટે સ્કીલ ડેવલપમેન્ટ ઝુંબેશ ચાલી રહી છે. પાક નુકસાન માટે વળતરમાં ૫૦ ટકાનો વધારો કરાયો છે. સુરક્ષાના મામલે પણ ઘણા પગલા લીધા છે. પાક દ્વારા ગોળીબારનો હવે યોગ્ય જવાબ આપવામાં આવી રહ્યો છે. કેરળમાં યુડીએફની સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા છે. શાહે કહ્યું હતું કે, ભ્રષ્ટાચારના મોરચે આ સરકારને હવે ફેંકી દેવાની જરૂર છે.

ફ્રેન્ચ ઓપનને લઈને નડાલ સહિત સ્ટાર ખેલાડી ઉત્સુક

રોમ,તા. ૧૯

ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ ૨૪મી મેથી પેરિસમાં શરૂ થઈ રહી છે ત્યારે ફ્રેન્ચ ઓપનમાં અપરાજિત રહેલા અને છેલ્લા ૧૦ વર્ષથી અપરાજિત રહેનાર સ્પેનના રાફેલ નડાલ પાસેથી આ વખતે આવી અપેક્ષા દેખાઈ રહી નથી. એક બાજુ તે જુદી જુદી ઈજામાંથી પસાર થઈ રહ્યો છે જેથી ક્લેકોર્ટ ઉપર પણ તે ફોર્મ જાળવી શક્યો નથી. તેની સતત હાર થઈ રહી છે. હાલમાં તે ત્રણ વખત તેની ફેવરિટ ક્લેકોર્ટ ઉપર હારી ગયો છે. નડાલ એક સપ્તાહ અગાઉ જ મેડ્રિસ માસ્ટર્સ ઓપનમાં ફાઈનલમાં એન્ડી મરેના હાથે હારી ગયો હતો. આ ઉપરાંત ૧૪ વખત ગ્રાન્ડસ્લેમ જીતી ચુકેલા રાફેલ નડાલની ઈટાલિયન ઓપનમાં ક્વાર્ટરફાઈનલમાં વાવરિન્કા સામે હાર થઈ હતી. વાવરિન્કાએ ૨૦૧૪માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં પણ નડાલને હાર આપી હતી. મળેલી માહિતી મુજબ ફ્રેન્ચ ઓપનના આયોજકો ટૂંકમાં જ રેંકિંગ જાહેર કરનાર છે જેમાં આ વખતે નડાલને ટોપ ચાર ક્રમ મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આનો મતલબ એ થયો કે, શરૂઆતના તબક્કામાં જ તેને ટોપ ખેલાડીઓ પૈકીના કોઈ ખેલાડી સામે મેદાનમાં ઉતરવું પડશે. નડાલ૨૦૦૫ બાદથી સતત ફ્રેન્ચ ઓપન જીતતો રહ્યો છે. આનો મતલબ એ થયો કે સતત ૯ વખત ચેમ્પિયન રહ્યો છે. ગયા વર્ષે જોકોવિચ ઉપર જીત મેળવીને તે ફ્રેન્ચ ઓપન જીતી ગયો હતો. જોકોવિચે હાલમાં જ ઈટાલિયન ઓપનની ફાઈનલમાં રોજર ફેડરર પર જીત મેળવીહતી. જોકોવિચનું કહેવું છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં જે સફળતા મળી નથી તે સફળતા મળી શકે છે. નડાલનો પેરિસમાં રેકોર્ડ અભૂતપૂર્વ રહ્યો છે.

હરિયાણામાં હવે હજારો જીમ ખોલવામાં આવશે

રેવાડી, તા. ૧૯

યોગગુરુ બાબા રામદેવે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રાજ્યમાં યોગાને પ્રોત્સાહન આપવા માટે હજારો જીમ ખોલવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, હરિયાણામાં આ વર્ષે આના માટે નવી પહેલ કરવામાં આવશે. આ જીમમાં હકારાત્મક વિચારધારા સાથે લોકોને સામેલ કરવામાં આવશે. યોગા અને આયુર્વેદના પ્રમોશન માટે હરિયાણાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કામ કરી રહેલા રામદેવે કહ્યું હતું કે, આ જીમમાં યુવાનોને વિશેષ તાલીમ આપવામાં આવશે. દરરોજની પ્રવૃત્તિના ભાગરુપે જીમને ચલાવવામાં આવશે. રામદેવે એમ પણ કહ્યું હતું કે, એક યુનિવર્સિટી પણ હરિયાણામાં સ્થાપિત કરવામાં આવશે જેના પર તેમની હરિદ્વાર સ્થિત પતાંજલિ યોગપીઠ દ્વારા અંકુશ રહેશે અને તેના દ્વારા જ આ યુનિવર્સિટીને ચલાવવામાં આવશે.

૫૦ શહેરોમાં મેટ્રો રેલની પણ યોજના છે : મોદી

વધુ સ્થિર તેમજ પારદર્શક કરવેરાની નીતિ બનાવાશે

સિયોલ, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વધુ સ્થિર અને પારદર્શી કરવેરા વ્યવસ્થાનું વચન આપ્યું હતું અને કહ્યું હતું કે, બિઝનેસ કરવા માટે ભારત વિશ્વમાં વધુ સરળ સ્થળ બને તે અતિ જરૂરી છે. આના માટે પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. બિઝનેસ માટે ભારતનેઆદર્શબનાવી દેવામાંઆવશે. તેમની ત્રણ દેશોની યાત્રાના છેલ્લા દિવસે દક્ષિણ કોરિયાના સીઈઓને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર એક વર્ષ પૂર્ણ કરી રહી છે. પોલિસી, ગવર્નન્સ અને અર્થતંત્રમાં ભારતને લઈને વિશ્વની ઉત્સુકતા વધી છે પરંતુ અમે અહીં રોકાવવાના નથી. અમે આનાથી પણ વધુ સારી સ્થિતિ ઉભી કરવા જઈ રહ્યા છે. વિદેશી મૂડીરોકાણના મામલે મોદીએ કહ્યું હતું કે, વિદેશી મૂડીરોકાણ ખુબ મહત્વપૂર્ણ છે. વૈશ્વિકરીતે સ્પર્ધાત્મક બિઝનેસ માહોલ બનાવ્યા બાદ વગર મૂડીરોકાણ મળસે નહીં જેથી અમે બિઝનેસને સરળ કરવા આક્રમકરીતે કામ કરી રહ્યા છે. આઈટી, ઈલેક્ટ્રોનિક્સ, સ્ટીલ નિર્માણ, રેલવે, શીપબિલ્ડિંગ, હાઉસિંગ જેવા સેક્ટરોમાં કોરિયન બિઝનેસમેન સાથે સહકાર કરવાની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, કોરિયન રોકાણકારો માટે એક અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે જેને કોરિયન પ્લસ નામ આપવામાં આવશે. જો કોઈ મુદ્દા હશે તોતેઓ અંગત રીતે ધ્યાન આપશે. છેલ્લા ૧૧ મહિનાના ગાળામાં ભાજપ સરકારે અનેક એવા પગલા લીધા છે જેથી રોકાણકારોને આત્મવિશ્વાસ વધી ગયો છે. અમે માનીએ છીએ કે બિઝનેસ કરવા માટે દેશમાં આક્રમક મૂડીરોકાણ ખુબ જરૂરી છે. સરકાર કરવેરા વ્યવસ્થાને વધુ સ્થિર અને પારદર્શક બનાવશે. ઘણા કરવેરા વિવાદને ઉકેલવામાં આવ્યા છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, વિદેશી રોકાણ અને ખાનગી રોકાણને લઈને નવો ઉત્સાહ છે. ભારતનો વિકાસ દર સાત ટકાથી ઉપર છે. એફડીઆઈ પ્રવાહનો આંકડો એપ